# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-10-2024** **Morning : 7.10 to 7.20 AM**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

*****************************************************

1. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજથી 17મી અર્બન મૉબિલિટી ઇન્ડિયા પરિષદ અને પ્રદર્શનનો પ્રારંભ.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી "મન કી બાત" કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે.
3. રાજ્યના ખેડૂતો ટ્રેક્ટર સહાય માટે આજથી આઇ-ખેડૂત પોર્ટલ પર નોંધણી કરાવી શકશે.
4. પશ્ચિમ રેલવે દ્વારા તહેવારોને જોતાં 7 વિશેષ ટ્રેન ચલાવવામાં આવશે.
5. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી વન-ડે શ્રેણીની પ્રથમ મેચમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ન્યૂઝીલેન્ડને 59થી પરાજય આપ્યો.

*******************************************

## GAN. URBAN MOBILITY CONFERENCE

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજથી ત્રણ દિવસ દરમિયાન 17મી અર્બન મૉબિલિટી ઇન્ડિયા પરિષદ અને પ્રદર્શન યોજાશે.

કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા યોજાનારી આ પરિષદનું ઉદ્ઘાટન આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરશે. કેન્દ્ર તેમજ રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારી શહેરી પરિવહનના નિષ્ણાતો સહિત ત્રણ હજારથી વધુ મહાનુભાવો આ પરિષદમાં ભાગ લેશે.

આ અંગે ગાંધીનગરમાં પત્રકારોને માહિતી આપતા કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના સંયુક્ત સચિવ જયદીપે જણાવ્યું કે, શહેરી પરિવહન માળખામાં સમાન ધારાધોરણો, શહેરી પરિવહનના વિવિધ માધ્યમોના એકત્રીકરણ જેવા વિષયો પર આ પરિષદમાં વિચાર વિમર્શ કરાશે. દરમિયાન "બેસ્ટ પ્રેક્ટિસીઝ પ્રૉજેક્ટ ઇન અર્બન ટ્રાન્સપૉર્ટ" માટે નવ શ્રેણીમાં પુરસ્કાર અપાશે. આ પરિષદના સમાપન સત્રમાં આવાસ અને શહેરી બાબતોના કેન્દ્રીય મંત્રી મનોહરલાલ ઉપસ્થિત રહેશે. સત્રમાં આઠ વિવિધ શ્રેણીઓમાં શ્રેષ્ઠ શહેરી વ્યવસ્થાપન માટે વિવિધ શહેરને પુરસ્કાર એનાયત કરાશે.

..............................................................................

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવાર 27 ઑક્ટોબરે આકાશવાણી પરથી "મન કી બાત" કાર્યક્રમમાં દેશ વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 115મી કડી હશે. શ્રોતાઓ ટૉલ ફ્રી નંબર 1800—11—7800 પર કાર્યક્રમ માટેના પોતાના મંતવ્ય મોકલી શકે છે.

ઉપરાંત MyGov અને નમો એપ પર પણ મંતવ્ય મોકલી શકાશે. કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં નેટવર્ક પર કરાશે. "મન કી બાત" કાર્યક્રમ આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન એ.આઈ.આર. એપ પર પણ ઉપલબ્ધ રહેશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પર પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

..............................................................................

# GIR SOMNATH & MAHISAGAR I-PORTAL

ગીર સોમનાથ એજીઆર યોજના માટે આજથી આઇ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મૂકાશે. આજે સવારે સાડા દસ વાગ્યાથી માંડીને 31 ઑક્ટોબર સુધી સાત દિવસ માટે, વહેલાના પહેલાના ધોરણે- વર્ષ 2024 -25 માટે ખેતીવાડીની એજીઆર 50 સહાય જોનામાં ટ્રેક્ટર માટે નોંધણી કરાવી શકાશે.

મહીસાગર જિલ્લાના ખેડૂતો ટ્રેક્ટર સહાય મેળવવવા ઈચ્છતા હોય તે માટે આઇ ખેડૂત પોર્ટલ આજથી ખુલ્લું મૂકવામાં આવશે. આ અંગે મહીસાગર જિલ્લાના ખેતીવાડી અધિકારી જે આર પટેલે વધુ માહિતી આપી...

**(બાઈટ : જે આર પટેલ, જિ. ખેતીવાડી અધિકારી મહીસાગર)**

ઉલ્લેખનીય છે કે ખેતીમાં મુશ્કેલ કામોના ભારણને ઘટાડવા, ચોક્કસ પરિણામો તેમજ કાર્યક્ષમ પાક ઉત્પાદન વધારવાની દિશામાં સરકાર આઇ ખેડૂત પોર્ટલ દ્વારા ખેડૂત લક્ષી વિવિધ યોજનાઓના લાભ આપે છે.

..........................................................................

## NEW DIWALI TRAIN

તહેવારોને પગલે પશ્ચિમ રેલવે દ્વારા 7 વિશેષ ટ્રેન શરૂ ચલાવવામાં આવશે. દિવાળીથી શરૂ કરીને છઠ પૂજા સુધી આ ટ્રેનો ચલાવવામાં આવશે. જેમાં સાબરમતી લખનઉ સ્પેશિયલ, અમદાવાદ – દાનાપુર સ્પેશિયલ, અમદાવાદ બનારસ સ્પેશિયલ, અમદાવાદ – જયનગર સ્પેશિયલ, રાજકોટ – ગોરખપુર સ્પેશિયલ સહિતની ટ્રેનોનો સમાવેશ થાય છે.

દરમિયાન ભાવનગરથી ઉધના સ્પેશિયલ ટ્રેન શરૂ કરાઈ છે. ટ્રેન નંબર 09021 એ 28 ઑક્ટોબરથી 30 ડીસેમ્બર દરમિયાન ઉધનાથી ભાવનગર વચ્ચે ચલાવવામાં આવશે. આ ટ્રેન કુલ 10 ફેરા કરશે. 25 ઑક્ટોબરથી તેનું બૂકિંગ કરી શકાશે.

..........................................................................

## Air Pollution Ahmedabad

**શિયાળાનો નજીક આવતાં જ અમદાવાદના વિવિધ વિસ્તારોની હવાની ગુણવત્તા ખરાબ થઈ રહી છે. કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના જણાવ્યાનુસાર ગુરુવાર સાંજે ચાંદખેડા, એરપોર્ટ અને રાયખડ જેવા વિસ્તારોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ એટલે કે એક્યુઆઈ 200ને પાર કરી ગયો હતો. ચાંદખેડામાં એક્યુઆઈ 246, એરપોર્ટ પાસે 220, રાયખંડમાં 204, બોપલમાં 164 અને વટવા જીઆઈડીસીમાં 140ની આસપાસ નોંધાયો હતો.**

**ઉલ્લેખનીય છે કે, આ ઈન્ડેક્સ 200 કે તેથી ઉપર જાય ત્યારે હવા ઝેરી બને છે અને શ્વાસની તકલીફ ધરાવતાં દર્દીઓ માટે જોખમ ઉભું થાય છે.**

............................................................................

## NAYAB DANDAK GUJ VIDHANSABHA

તહેવારોને પગલે સ્વદેશી વસ્તુઓ વાપરવા અને સ્થાનિક વેપારીઓને ધંધા રોજગારમાં લાભ થાય તે ધ્યેય સાથે સ્થાનિક લોકલ વેપારીઓ પાસેથી ખરીદી કરવાનો આગ્રહ ગુજરાત વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયા દ્વારા કરવામાં આવ્યો...

**(બાઈટ: કૌશિક વેકરીયા, નાયબ દંડક ગુજરાત વિધાનસભા)**

............................................................................

## RUN FOR UNITY

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મદિન નિમિત્તે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાશે. જે અંતર્ગત 31 ઑક્ટોબરના રોજ રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગ રૂપે સોમનાથમાં એકતા દોડનું આયોજન કરવામાં આવશે.

સાવરે 7 વાગ્યે સોમનાથ મંદિર પરિસરથી શરૂ કરીને ચોપાટી વૉક વે ખાતે આ રાષ્ટ્રીય એકતા દોડ પૂર્ણ થશે. જેના આયોજન માટે કલેક્ટર દિગ્વિજય જાડેજાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી.

............................................................................

## MAHESANA - FOGING MACHIEN

મહેસાણા જિલ્લા પંચાયત દ્વારા સંક્રમિત રોગો અટકાવવા માટે જિલ્લા પંચાયતનાં સ્વભંડોળમાંથી કુલ 36 જેટલા ફોગીંગ મશીનના વિતરણ કરવામાં આવ્યા છે.

આ ફોગીંગ મશીનથી મચ્છરજન્ય રોગ સામે રક્ષણ મેળવી શકાશે. આ અંગે જિલ્લા પંચાયત પ્રમુખ તૃષાબેન પટેલે વધુ માહિતી આપી....

**(બાઇટ : તૃષાબેન પટેલ, પ્રમુખ જિલ્લા પંચાયત મહેસાણા)**

.............................................................................

## WOMEN'S CRICKET Ahmedabad

મહિલા ક્રિકેટમાં, ભારતે ગઈ કાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી પ્રથમ વન–ડેમાં ન્યૂઝીલેન્ડને 59 રનથી પરાજય આપ્યો હતો. જીતવા માટે 228 રનનાં લક્ષ્યાંકનો પીછો કરતા ન્યુઝીલેન્ડ 40.4 ઓવરમાં 168 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ભારત વતી રાધા યાદવે ત્રણ અને સાઇમા ઠાકોરે બે વિકેટ લીધી હતી. અગાઉ, ટોસ જીતીને બેટિંગ પસંદ કરીને ભારત 44.3 ઓવરમાં 227 રનમાં ઓલ આઉટ થઈ ગયું હતું. તેજલ હાસબિન્સે સૌથી વધુ 42 અને દિપ્તી શર્માએ 41 રન કર્યા હતા.

.............................................................................

## National Badminton Championship

36મી સબ જુનિયર નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશીપ 2024માં ગુજરાતના બે ખેલાડીઓ શાનદાર પ્રદર્શન કરતાં સેમિફાઈનલમાં પહોંચ્યા હતા.

તનિષ ચોક્સી અને ભાશ્ય પાઠકનો ચેન્નાઈ રમાઈ રહેલી આ મેચમાં તમિલનાડુની જોડી સામે પરાજ્ય થયો છે. ગુજરાતની આ જોડીએ પ્રથમ સેટમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, પણ બીજા સેટમાં શાનદાર પ્રદર્શન ન કરતાં મેચ ગુમાવી હતી.

.............................................................................

## DIV DEMOLITION

દીવના કેવડી મુખ્ય માર્ગ પર મોટી સંખ્યામાં ગેરકાયદેસર બાંધકામો સામે કાર્યવાહી કરવામાં આવી.

દીવના કેવડી શૈક્ષણિક વિસ્તારની સામેની બાજુએ બનેલા બાંધકામો પર બુલડોઝર ચાલ્યુ હતું. નોટિસ આપ્યા વિના બાંધકામ તોડવાની કામગીરી હાથ ધરાઈ હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

.................................................................................

## GANDHINAGAR RURAL CALL CENTER

રાજ્યના ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ વધુ મજબૂત બને તે હેતુથી ગાંધીનગરમાં ગઈકાલે "ગ્રામ વિકાસ અહેવાલ અને સમીક્ષા" કૉલ સેન્ટરનો શુભારંભ થયો છે.

આ કૉલ સેન્ટર દરરોજ અંદાજે 1500થી વધુ કૉલ્સ સંભાળશે અને નાગરિકો પાસેથી મૂલ્યવાન પ્રતિસાદ એકત્ર કરશે. સાથે જ, વિવિધ યોજનાઓના લાભ યોગ્ય લાભાર્થી સુધી પહોંચ્યા કે કેમ તે સુનિશ્ચિત કરવા સતત મોનીટરીંગ કરશે.

.................................................................................

## REV GOVT SOP FOR SCHOOL

રાજ્યની સરકારી અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓને પ્રવાસ લઈ જતા પહેલા શાળાઓએ જિલ્લા શિક્ષણાધિકારીને જાણ કરવી પડશે. ઉપરાંત પ્રવાસની તારીખના 15 દિવસ પહેલા પ્રવાસ અંગેની જાણ સંબંધિત પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી – R.T.O અને સ્થાનિક પોલીસ મથકને કરવી પડશે. શાળામાં સાંસ્કૃતિક, ધાર્મિક, ઐતિહાસિક, વિકસિત સ્થળોએ પ્રવાસનું આયોજન કરવા શિક્ષણ વિભાગે માર્ગદર્શક સૂચનો જાહેર કર્યા છે.

આ સૂચનો અનુસાર, શાળાઓએ પ્રવાસના પ્રતિદિન કાર્યક્રમ અંગેની જાણ કરવી પડશે. તેમજ એક જવાબદાર અને અનુભવી વ્યક્તિની પ્રવાસના "કન્વીનર" તરીકે નિમણૂક કરવા અને આયોજન મુજબ જ મુસાફરી થાય તે સુનિશ્ચિત કરવું પડશે. ઉપરાંત પ્રવાસ દરમિયાન પ્રથમ સારવાર કિટ સાથે રાખવી અને ઋતુ પ્રમાણે પ્રવાસના સ્થળની પસંદગી કરવી પડશે. જ્યારે પ્રવાસ દરમિયાન જળાશયોમાં બૉટિંગ કે રાઈડિંગ બને ત્યાં સુધી ટાળવાની પણ સલાહ આપવામાં આવી છે.

.................................................................................